SARDAR PATEL UNIVERSITY
VALLABH VIDYANAGAR- 388 120 (GUJARAT) INDIA
Website : www.spuvvn.edu Phone : 91-02692- 226807

# પરિપત્ર

આથી પીએચ.ડી. પ્રવેશ વર્ષ ૨૦૨૨-૨૩ (દ્વિતિય સત્ર)માં જે પીએચ.ડી. વિદ્યાર્થીઓએ કામચલાઉ પ્રવેશ મેળવેલ છે અને યુનિવર્સિટીના એચ.આર.ડી.સી. વિભાગ દ્વારા યોજાયેલ રિસર્ચ મેથડોલોજી કોર્ષ વર્કમાં ઉતિર્ણ થયેલ વિદ્યાર્થીઓનું પરિણામ તા.:૦૪-૦૫-૨૦૨૩નાં રોજ નોટિફિકેશન નંબર : ડી/ઇ/૧૧/૭૮૧થી યુનિવર્સિટી વેબસાઇટ પર જાહેર કરવામાં આવ્યું હતું. તેમજ સંબંધકર્તા જે - તે વિભાગો દ્વારા પ્રી પીએચ.ડી. કોર્ષ-૦૨ અને કોર્ષ-૦૩નાં કોર્ષવર્કનું આયોજન કરવામાં આવ્યું હતું, તેમાંથી જે વિદ્યાર્થીઓ ઉપરોક્ત કોર્ષવર્કમાં ઉતિર્ણ થયા છે, તેઓનું પરિણામ તા.:૧૭-૦૭-૨૦૨૩નાં રોજ નોટિફિકેશન નંબર : ડી/ઇ/૧૧/૨૪૪૮થી યુનિવર્સિટી વેબસાઇટ પર જાહેર કરવામાં આવ્યું છે.

**ઉપરોક્ત બાબતે પીએચ.ડી. પ્રવેશ ૨૦૨૨-૨૩(દ્વિતિય સત્ર) માં જે વિદ્યાર્થીઓ પ્રવેશ પામી તમામ કોર્ષોમાં ઉર્તિણ થયા છે અને જેઓનું રજીસ્ટ્રેશન બાકી છે, તેવા તમામ વિદ્યાર્થીઓએ તા.: ૨૦-૦૭-૨૦૨૩નાં રોજ સવારે ૧૦.૩૦ કલાકે આદિ શંકરાચાર્ય હોલ, હ્યુમિનિટિઝ બિલ્ડીંગ, સરદાર પટેલ યુનિવર્સિટી,વલ્લભ વિદ્યાનગર ખાતે પીએચ.ડી. પ્રવેશની રજીસ્ટ્રેશન પ્રક્રિયા તેમજ પ્રવેશ અંગેની જરૂરી ફી ભરવા માટે નીચે જણાવેલ ક્રમ મુજબનાં તમામ અસલ તેમજ નકલ દસ્તાવેજો (લાગુ પડતા તમામ દસ્તાવેજો) સહિત ફરજીયાતપણે હાજર રહેવાનું રહેશે. ત્યારબાદ રજીસ્ટ્રેશનની પ્રક્રિયા થઈ શકશે નહિં જેની સંબંધકર્તા વિદ્યાર્થીઓએ ખાસ નોંધ લેવા વિનંતી.**

| ક્રમ | દસ્તાવેજ | રીમાર્કસ | ક્રમ | દસ્તાવેજ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૦૧ | રજીસ્ટ્રેશન ફોર્મ (આદિ શંકરાચાર્ય હોલ ખાતેથી મળશે) | | ૧૧ | ક્વોલીફાઇડ સ્ટુડન્ટ લિસ્ટ ઓફ પીએચ.ડી.નોન એન્ટ્રન્સ ટેસ્ટ પાસ કેટેગરી( યુનિ. વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે.) | |
| ૦૨ | પ્રોવિઝિનલ એડમિશન લેટર | | ૧૨ | ક્વોલીફાઇડ સ્ટુડન્ટ લિસ્ટ ઓફ પીએચ.ડી.નેટ/સ્લેટ/ જે.આર.એફ.પાસ કેટેગરી (યુનિ. વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે.) | |
| ૦૩ | વિભાગીય કોર્ષવર્ક તેમજ યુનિવર્સિટી કોર્ષવર્ક સર્ટીફીકેટ (આદિ શંકરાચાર્ય હોલ ખાતેથી મેળવવું) | | ૧૩ | નેટ/સ્લેટ/જે.આર.એફ.પાસ સર્ટીફીકેટ | |
| ૦૪ | રીસર્ચ પબ્લીકેશન એન્ડ એથિક્સ (RPE) સર્ટીફીકેટ (આદિ શંકરાચાર્ય હોલ ખાતેથી મળશે) | | ૧૪ | ક્વોલીફાઇડ સ્ટુડન્ટ લિસ્ટ ઓફ એમ.ફીલ. પાસ કેટેગરી (યુનિ. વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે.) | |
| ૦૫ | કોર્ષવર્ક પરિણામની નકલ (યુનિ. વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે.) | | ૧૫ | પીએચ.ડી. કોર્ષવર્ક મુક્તિ પ્રમાણપત્ર | |
| ૦૬ | કોર્ષવર્ક માટે એલિજીબલ થયા હોવ તેની નકલ (વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે.) | | ૧૬ | એડમિશન ફોર્મની નકલ | |
| ૦૭ | જે તે સંસ્થાનું અસલ એન.ઓ.સી. (પાર્ટ ટાઇમ કરતાં વિદ્યાર્થીઓ માટે) | | ૧૭ | ધોરણ ૧૦થી અત્યાર સુધીનાં છેલ્લા અભ્યાસક્રમ સુધીની તમામ માર્કશીટો તેમજ લાગુ પડતાં તમામ કેટેગરી સર્ટીફીકેટોની નકલ | |
| ૦૮ | પી.ઈ.સી. ફોર્મ (યુનિ. રૂમ નં. ૧૦૮ ખાતેથી મળશે.) **(સ.પ.યુનિવર્સિટી સિવાયનાં વિદ્યાર્થીઓ માટે)** | | ૧૮ | અસલ ગેપ એફીડેવિટ | |
| ૦૯ | ઓરીજીનલ માઇગ્રેશન સર્ટીફીકેટ **(સ.પ.યુનિવર્સિટી સિવાયનાં વિદ્યાર્થીઓ માટે)** | | ૧૯ | માર્ગદર્શક, ડી.આર.એ.સી.ચેરમેનશ્રીનાં સહિ સિક્કા કરેલ રીસર્ચ પ્રપોઝલની ફાઇનલ થયેલ એક નકલ | |
| ૧૦ | ટ્રાન્સફર સર્ટીફીકેટ (સ.પ.યુનિ.નાં વિદ્યાર્થીઓ માટે, કે જેઓએ આ યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિભાગ સિવાય સ.પ.યુનિ.ની અન્ય સંસ્થામાં છેલ્લો પ્રવેશ મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓ) | | ૨૦ | પ્રવેશ અંગેની જરૂરી ફી | |

**ખાસ નોંધઃ** જે વિદ્યાર્થીઓએ તા.: ૨૦-૦૭-૨૦૨૩નાં રોજ પીએચ.ડી. પ્રવેશનાં રજીસ્ટ્રેશન અંગેની પ્રક્રિયા કરેલ છે તેવા તમામ વિદ્યાર્થીઓએ તા.: ૨૫-૦૭-૨૦૨૩નાં રોજ સવારે ૧૧.૦૦ કલાકે આદિ શંકરાચાર્ય હોલ, હ્યુમિનિટિઝ બિલ્ડીંગ, સરદાર પટેલ યુનિવર્સિટી,વલ્લભ વિદ્યાનગર ખાતેથી તેઓનું ફાઇનલ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ ફરજીયાત પણે મેળવી લેવાનું રહેશે.

નંબર : ડી/ઇ/૧૦/૨૪૯૮
તા.: ૧૮-૦૭-૨૦૨૩
વલ્લભ વિદ્યાનગર

કુલસચિવ

પ્રતિ,
૧. સંબંધકર્તા પીએચ.ડી. વિદ્યાર્થીઓ તરફ,
૨. કન્વીનરશ્રી, કોર્ષવર્ક સમિતિ, અનુસ્નાતક મેથેમેટીકસ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર,
૩. નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી તરફ યુનિવર્સિટી વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.